# ઝાંઝરીના ધોધમાં અમદાવાદની બે યુવતીઓના ડૂબી જવાથી મોત

## અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર ઝાંઝરીના ભોગીયા ધરામાં તંત્ર હજુ કેટલા મોતની રાહ જોશે ? તંત્ર ક્યારે યોગ્ય પગલા લેશે ?

અરવલ્લી જિલા ના બાયડ તાલુકા ના ડાભા ગામ થી ૫ કિમી ના અંતરે સુંદર મજાનો ઝાંજરી નો ધોધ આવેલો છે સરકાર ધ્વારા આ જગ્યાને પ્રવાસન ધામ તરીકે જાહેર કર્યા બાદ આ જગ્યાએ ગ્ર્જત ના ખૂણે ખૂણા માંથી પ્રવાસીઓ આ ધોધ ની નિહાળવા આવે છે બીજી બાજુ આ ધોધ જેટલો સુંદર પણ છે તેટલો જ ભયાંનક પણ છે આ ધોધ માં અત્યાર સુધી ૧૦૦ થી વધુ લોકો એ પોતાના જીવ ગુમાવ્યા છે આ ધોધ માં ઊંડે સુધી ખીણો અને કોતરો આવેલી છે જેના કરને નહાવા પડતા લોકો પાણી માં પડ્યા બાદ આ કોતરો માં ફસાઈ જતા હોય છે કટો પથ્થર વાગવાના કરને ડૂબી જતા હોય છે



જેને લઈ ને મોત ને ભેટે છે.

આમ આ ઝાંજરી ના ભોગીયા ધારા માં અત્યાર સુધી ૧૦૦ કરતા પણ વધુ લોકો એ જીવ ગુમાવ્યો છે છતાં પણ તંત્ર ધ્વારા ફક્ત આ ધોધ માં નહાવા પડવું ની તેવી ચેતવણી આપતા માત્ર બોર્ડ લગાવી ને સંતોષ માની લીધો છે હમણાં જ થોડાક દિવસો અમરેલી ના એક ૨ ૨ વર્ષીય યુવક નું આ જ ધોધ માં ડૂબી જવાના કારણે મોત થયું હતું ત્યારે આજે અમદાવાદ ની બે આશાસ્પદ યુવતીઓ ૨૦ વર્ષ અને ૨ ૧ વર્ષ ની યુવતીઓ નું ડૂબી જવાના કરને મોત થવા પામ્યું છે ત્યારે અરવલ્લી જીલ્લા વહીવટી તંત્ર હજુ કેટલા મોત ની રાહ જોશે??કે પછી આ ધોધ માં લોકો નહાવા ના પડે તે માટે કોઈ મહત્વનું પગલું લેશે તેવી લોક માંગ ઉઠવા પામી છે લોકો ધ્વારા માંગ કરવામાં આવી છે કે વહીવટી તંત્ર ધ્વારા આ જગ્યાએ સિક્યોરીટી ગોઠવવામાં આવે અને આ સુંદર સ્થળ ની લોકપ્રિયતા છે તે પણ જળવાઈ રહે અને લોકો ના જીવ પણ જતા અટકે.

# કેતન પટેલનું અપમૃત્યુ અમાનવીય કૃત્ય છે : શંકરસિંહ વાઘેલા

મહેસાણા, તા. ૧૧

મહેસાણાના કેતન પટેલના મામલે હાલમાં રાજકારણ ગરમાયુ છે અને રાજયસ્તરીય નેતાઓ આક્ષેપ વચ્ચે મામલો હાલમાં થાળે પડવાનુ નામ લઈ રહ્યો નથી. આજે ૬ દિવસ વિત્યા બાદ પણ પરિવાર મૃતદેહ લેવાનુ ટાળી રહ્યો છે. નિર્ણય લેવો જોઈએ અને આ બાબતે સીબીઆઈની તપાસ થવી જોઈએ તેમ જણાવ્યુ હતુ. સાથે તેમને કહ્યું હતું કે આ કસ્ટડી ડેથ



મહેસાણામાં આવીને કેતન પટેલના પરીવારને મળીને સાત્વના આપી રહ્યા છે. આજે મહેસાણામાં ગુજરાત સરકારના વિરોધ પક્ષના નેતા શંકરસિંહ વાઘેલા અને જગદીશ ઠાકોર મહેસાણા આવ્યા હતા અને કેતનના પરિવારને સાત્વના આપી હતી. જો કે રાજ્ય સરકાર સામે તેમણે આકરા પ્રહારો કર્યા હતા અને બાબુ માંગુકિયાએ આ સમગ્ર મામલે સોમવારે ફરિયાદ થયા બાદ નિર્ણય લઈશુ તેમ કહ્યુ હતુ.

કેતન પટેલના કસ્ટડી ડેથના ઉપવાસ પર બેઠેલા પી.આઈ. પટેલ કોંગ્રેસ વિજાપુરના ધારાસભ્યની હાલત લથડી ગઈ છે જ્યારે તેના પરિવારના મોભી મહેન્દ્રભાઈ પટેલનો પણ સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. જ્યારે આજે બપોરના સમયે શંકરસિંહ વાઘેલા મહેસાણા આવી પહોંચ્યા હતા અને પરિવારને સાત્વના આપી હતી અને રાજ્ય સરકારની નીતિ અને રીતી પર શંકા કરી હતી અને કોંગ્રેસના ધારાસભ્ય સહિત પિતાને મળીને આ બાબતે સરકારે ઝડપી મામલે આગ પકડી રહી છે. જેને સરકાર રાજકારણ ન રમીને જળથી ઠરવુ જોઈએ. તમામ મગની સરકાર માની લેશે અને માનવી પડશે તેમ જણાવ્યુ હતુ. જ્યારે બાબુ માંગુકિયાએ જણાવ્યુ હતુ કે પ્રથમ પી.એમ. અને બીજા પી.એમ.માં કેમ ફેર આવ્યો અને તેની તપાસ થવી જોઈએ જ્યારે આ સમગ્ર મામલે ત્રણ ઉપવાસીઓની તબીયત ખરાબ થઈ ગઈ છે એવુ ન થાય કે આ મામલે અમારે બીજી ફરિયાદ દાખલ કરવાનો વારો આવો.

# ખેડબ્રહ્માના નવીમેત્રાલ પાસે ગમખ્વાર અકસ્માતમાં ત્રણનાં મોત

ખેડબ્રહ્મા, તા. ૧૧

ખેડબ્રહ્મા તાલુકાના નવી મેત્રાલ પાસે આરડેકતા કોલેજની નજીક એક ટ્રકે જીપને ટક્કર મારતા ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. જ્યારે પાંચ વ્યક્તિઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ખેડબ્રહ્મા તાલુકાના સ્ટેટ હાઈવે પર આરડેકતા કોલેજ પાસે રમણભાઈ પુજાભાઈ રાવલ પોતાની મહિન્દ્રા જીપ નં. જીજે.૯.બીબી.૨૨૭૦ લઈ ખેડબ્રહ્મા આવતા હતા ત્યારે આરડેકતા કોલેજ પાસે મુસાફરોએ જીપ ઉભી રખાવી હતી. જીપ બાજુમાં ઉભી રાખી પેસેન્જરને બેસાડતા હતા ત્યારે હડાદ બાજુથી પથ્થર ભરીને આવતી ટ્રક નં. જીજે.૧૮.વી.૬૯૮ના ચાલકે ટ્રક ઉપરનો કાબુ ગુમાવી દેતા જીપને ટક્કર મારી ચોકડીમાં ઉતારી પાડી હતી અને ટ્રકે જીપ ઉપર પલ્ટી મારી ગઈ હતી.જેથી જીપનો ખુરદો બોલી ગયો હતો. અંદર બેઠેલા પેસેન્જરોને ગંભીર ઈજાઓ થવાથી બે વ્યક્તિઓના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા જ્યારે એકનુ સારવાર દરમ્યાન મોત નિપજ્યુ હતુ.

જ્યારે પાંચ ઈસમોને ગંભીર ઈજાઓ થતા ખેડબ્રહમા ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે રાધીવાડ સુધી અવાજ સંભળાયો હતો. જેથી ત્યાંથી લોકો દોડી આવ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર જીપ રોડની બાજુમાં ઉભી હતી તે સમયે જ કાળમુખી ટ્રક આવીને ટક્કર મારી હતી. ત્યાં હાજર સ્થાનિકો દ્વારા તાત્કાલીક દોડી આવી જીપમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢી ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં પહોંચાડવામાં આવ્યા હતા અને રમણભાઈ પુંજાભાઈ રાવલ ઉં.વ.૬૦ તથા શ્રવણકુમાર ધર્માભાઈ ખોખરીયા ઉં.વ. ૨૬નું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું. આરડેકતા ઈન્સ્ટીટ્યુટના આર.ડી.



પટેલના ભાભીને વધુ ઈજાઓ થઈ હોવાથી તેમને સારવાર અર્થે આગળ લઈ જતા હતા ત્યારે રસ્તામાં તેમનુ પણ મોત નિપજ્યુ હતુ. અકસ્માત ગંભીર હોઈ લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. અકસ્માતને લઈ રોડની એક સાઈડ બંધ કરવાની પોલીસને ફરજ પડી હતી. ખેડબ્રહ્મા પીએસઆઈ એ.વી. દેસાઈ તથા પોલીસ સ્ટાફે રાજેન્દ્રસિંહ, વિજયભાઈ પટેલ સહીતના ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અકસ્માત અંગે નરેશકુમાર અમૃતલાલ રાવલ, ઉંચીધનાલનાઓએ ટ્રકચાલકે પોતાની ટ્રક ગફલતભરી રીતે બેદરકારીથી પૂરઝડપે ચલાવી જીપને કચડી મારી ત્રણ જણના મોત નિપજાવી અકસ્માત કરી ભાગી જઈ ગુન્હો કર્યા અંગે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશને ફરીયાદ નોંધાવી હતી.

# ઊંઝામાં જીરા-વરિયાળીમાં ભેળસેળનુ ષડયંત્ર પકડાયુ

ઊંઝા, તા. ૧૧

ગઈરાત્રે વેપારી મથક ઊંઝા ખાતે વિસનગર રોડ પર માનબાઈના મંદિર પાસે એક ફેકટરી યાને ગોડાઉનમાં સ્થાનિક એક વેપારીના રજીસ્ટર બ્રાન્ડનો ઉપયોગ કરીને જીરા, વરિયાળીના માલોમાં કથિત ભેળસેળ થતી હોવાની મળેલ હકિકતના આધારે ઊંઝા પોલીસે સદર સ્થળે જઈ તપાસ કરતાં અંદરથી જીરા, વરિયાળીના માલ ભરેલ બોરીઓનો જથ્થો, ભેળસેળ કરવા માટે વપરાતુ ભુસું, કલંજી, માટીની વરિયાળી તથા રજીસ્ટર બ્રાન્ડ વાળા વેપારીના માર્કાવાળી ખાલી અને ભરેલી બેગો વગેરે મળી કુલ ૧૩,૧૬,૬૦૦ રૂપિયાની કિંમતનો મુદ્દામાલ કબજે કરી આ સંદર્ભે એક શખ્સને અટકાયતમાં લઈ કાયદેસરની કાર્યવાહી કરતાં શહેરમાં ભારે ચકચાર મચી ગઈ છે. પોલીસે કબજે કરેલ કથિત ભેળસેળવાળા માલોની તપાસ કરવા માટે ખોરાક અને ઔષધ નિયમનતંત્રના અધિકારીઓને જાણ કરી છે.

વિગત એવી છે કે ઊંઝાના વેપારી વિમલકુમાર દશરથલાલ પટેલે ઊંઝા ખાતે વિસનગર રોડ પર નાળા નજીક ગોડાઉન વિસ્તારમાં માનબાઈના મંદિર પાસે આવેલ એક ફેક્ટરી (ગોડાઉન)માં અમારા બ્રાન્ડ સિમ્બોલ તથા માર્કાનો ઉપયોગ કરીને જીરા અને વરિયાળીમાં ભેળસેળ કરી પોતાની બ્રાન્ડનેમ લગાડે છે તેવી સ્થાનિક પોલીસ મથકે જાણ કરી હતી. જેથી ઊંઝા પોલીસે મધરાત બાદ સદર સ્થળે જઈ ગોડાઉન નં. ૨૩, ૨૪માં પ્રવેશી તપાસ કરતા અંદરથી જીરામાં ભેળસેળ કરવા માટેનુ ભુસુ, કલંજી, માટીની વરિયાળી તથા પટેલ અંબાલાલ લલ્લુદાસના માર્કાવાળી ખાલી અને ભરેલી જીરાની કુલ ૨૮ બેગો કિંમત રૂપિયા ૨૦૧૬૦૦, વરિયાળીની બોરી નંગ-૬ કિંમત રૂપિયા ૭૨૦૦, કરંજી ભરેલ કોથળા નંગ-૧૦ કિંમત રૂ. ૨૧૦૦૦, જીરૂ ભરેલ કોથળા નંગ-૯૨ કિંમત રૂપિયા ૯,૯૩,૬૦૦, કંતાનની ખાલી બેગો નંગ-૧૨૦ કિંમત રૂ.૧૨૦૦, ઈલેક્ટ્રીક વજન કાંટો કિંમત રૂ. ૫૦૦૦, લોખંડનો ચાયણો કિંમત રૂ. ૧૦૦૦, જીરૂ, વરિયાળી સાફ કરવા માટેનો પંખો કિંમત રૂપિયા ૨૦૦૦, જીરૂના ૧૦૦ પેકેટ ભરેલ પુંઠાના ચાર બોક્સ કિંમત રૂપિયા ૩૫૦૦૦, જીરૂ ભરેલ પ્લાસ્ટીકની બોરી નંગ-૫ કિંમત રૂપિયા ૩૦,૦૦૦ હજાર તથા સ્થળ પર હાજર ઈસમ પટેલ હેમંતકુમાર ઉર્ફે દાસ હરગોવનભાઈ પાસેથી રૂપિયા ૨૦ હજારની કિંમતનો મોબાઈલ ફોન મળી કુલ રૂપિયા ૧૩, ૧૭,૬૦૦નો મુદ્દામાલ સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે સદર ઈસમની સીઆરસી કલમ ૪૧(૧) ડી મુજબ અટકાયત કરી છે. દરમિયાન કબજે કરાયેલ કથિત ભેળસેળ વાળા માલોની તપાસ કરવા માટે પોલીસે ખોરાક અને ઔષધ નિયમનતંત્રના અધિકારીઓને જાણ કરી છે.

# તેજસ નેટવર્કસ લિમિટેડ-આઈપીઓ ૧૪ જૂને ખુલશે, ૧૬ જૂને બંધ થશે

## પ્રાઈઝ બેન્ડ ઇક્વિટી શેરદીઠ ૨૫૦ થી ૨૫૭ નક્કી કરવામાં આવી

તેજસ નેટવર્કસ લિમિટેડ (“કંપની” કે “ઇશ્યુઅર”)એ ૧૪ જૂન, ૨૦૧૭ને બુધવારે રોકડ માટે (શેર પ્રિમિયમ સહિત) રૂ. ૧૦ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેરનો (“ઈક્વિટી શેર”)નો આઈપીઓ (ઈનિશિયલ પબ્લિક ઓફર) લાવવાની દરખાસ્ત રજૂ કરી છે. જેમાં રૂ. ૪,૫૦૦ મિલિયન સુધીના નવા ઈક્વિટી શેર (“ફ્રેશ ઈશ્યૂ”) અને કંપનીના વિક્રેતા શેરધારકો-કેસ્કેડ કેપિટલ મેનેજમેન્ટ મોરેશિયસ, ઈન્ડિયા ઈન્ડસ્ટ્રિયલ ગ્રોથ ફંડ લિમિટેડ, ઈન્ટેલ કેપિટલ (કેમેન) કોર્પોરેશન, સેન્ડસ્ટોન પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટ, ઓશેર એલપી અને કંપનીના ચોક્કસ કર્મચારીઓ દ્વારા ૧૨,૭૧૧,૬૦૫ ઈક્વિટી શેરના વેચાણની ઓફર (“ઓફર ફોર સેલ”) સામેલ છે.

બિડ/ઓફર ૧૬ જૂન, ૨૦૧૭ને શુક્રવારે બંધ થશે. ઓફરની પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૨૫૦ થી રૂ. ૨૫૭ નક્કી કરવામાં આવી છે. બિડ લઘુત્તમ ૫૫ ઈક્વિટી શેર અને પછી ૫૫ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાશે. આરએચપી મારફતે ઓફર થયેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ લિમિટેડ (“બીએસઈ”) અને નેશનલ સ્ટોક એક્સેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (“એનએસઈ”) પર થશે.

# ગજાનન સેવા સમિતિ દ્વારા ચોખા અને દવાની કીટનું વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ભિલોડા તાલુકાના જાભચિતરિયા મુકામે પાંચ ગામોના વૃદ્ધોને ૩ કી.ગ્રા. ચોખા તથા શક્તિની બોટલ આપવામાં આવી હતી. તેની નજીક અણસોલ ગામમાં ૧૮ વૃદ્ધોને ચોખા સાથે બિસ્કીટ, કેલ્શીયમની ગોળીઓ તથા પ્લાસ્ટિકના થેલા આપ્યા હતા. તારીખ ૮-૬-૨૦૧૭ના દિવસે યોજાયેલ આ કાર્યક્રમમાં મોન્ટુ સુથાર, યોગેશભાઈ, ભીમજીભાઈ તથા મિલિન્દભાઈનો સહકાર પ્રાપ્ત થયો હતો. શામળાજી પાસેની પ્રાથમિક શાળામાં પણ બાળકોને નાસ્તો કરાવી બિસ્કીટના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.



## પ્રાંતિજમાં ગરમીનો પારો ઉંચકાયો

કાળા માથાના માનવીથી લઈને પશુ પંખીઓ પણ ગરમીનો કહેરથી બચી શકતા નથી. ત્યારે કાળા માથાનો માનવી તો પંખો, કુલર, એસીનો ઉપયોગ કરે છે. ત્યારે પશુ-પંખીઓ તો ગરમીથી સેકાઈ જાય છે ત્યારે ગરમીનો પ્રકોપ સહન ના થતાં એક શ્વાન પણ કોઈ જીવદયા પ્રેમીએ મુકેલ પીવાનાં પાણીનાં ટબમાંજ બેસી ગરમીમાં આરામ ફરમાવતો નજરે પડે છે અને બે ઘડી ગરમીથી રાહતનો શ્વાસ લેતો તસ્વીરમાં નજરે પડે છે.

### કાયદો અને કાનૂન ● ૪ પાનાનું ચાલુ...

આવતી હતી પરંતુ હવેથી ૨૦,૦૦૦/- ઉપરની રોકડ રકમની વ્યવહારની વિગતો દર્શાવેલ દસ્તાવેજની નોંધણી નહિ કરવામાં આવે ચેકના વ્યવહારોની જ વિગતો સાથેનો દસ્તાવેજ નોંધણી કરવામાં આવશે આથી નોટ બંધી બાદ તથા બેનામી ટ્રાન્ઝેકશન અટકાવવા માટે સરકાર દ્વારા કડક પગલા ભરાતા રીયલ એસ્ટેટ ક્ષેત્રમાં દસ્તાવેજો નોંધણીનું પ્રમાણ ઘટવા પામશે. લોનવાળા તથા ના છૂટકે કરવામાં આવતા દસ્તાવેજો જ નોંધાશે જેનું પરિણામ માર્કેટમાં રીયલ એસ્ટેટમાં જોવા મળશે જેના કારણે નોંધણી વગરના કરારોથી વ્યવહારો અમલમાં મુકાશે જે કોર્ટ લીટીગેશનમાં પરિણમશે.

### અતિતની આજ ● ૪ પાનાનું ચાલુ...

વિમુખ થઈ સમાજસેવામાં લાગ્યા છે. બીજાં વક્તા પ્રા. શરીફા વીજળીવાળાએ માનવધર્મના આચરણના મહાત્મ્ય પર ભાર મૂક્યો હતો. બીજા દિવસે સવારની બેઠકના પ્રથમ વક્તા ડૉ. હરિ દેસાઈએ વર્તમાન સંજોગોની સમસ્યાઓના ઉકેલ માટે, ઈતિહાસની ઘટનાઓનાં વિકૃત વર્ણનોને નામે સર્જાતા ઉહાપોહને બદલે, સમૂહ માધ્યમો થકી સમાજમાં સંવાદિતા સ્થાપવાની અનિવાર્યતા પર ભાર મૂક્યો હતો. ઍનડીટીવીના રવીશ કુમારે પ્રજાલક્ષી પ્રશ્નો અને એના ઉકેલ શોધવામાં અવરોધક સત્તાતત્વો વચ્ચેથી માર્ગ કાઢવાની જાતઅનુભવની વાત વર્ણવી હતી. સૌથી વધુ મહત્ત્વની બેઠકના બે મુખ્ય વક્તાઓ ઍડમિરલ રામદાસ અને પત્રકાર-સંશોધક સુધીન્દ્ર કુલકર્ણીએ ભારત અને પાકિસ્તાનના સંબંધોમાં સુધારો લાવવાના પ્રયાસોમાં આવતા અવરોધો તથા કાશ્મીર કોકડાના સાર્વત્રિક ઉકેલની દિશામાં આદરવામાં આવેલા પ્રયત્નોની પ્રથમદર્શી વાતો રજૂ કરી હતી. ખાસ કરીને હમણાં જ ચીનમાં નવરેશમી માર્ગ અંગેની વૈશ્વિક પરિષદમાં બિનસરકારી સભ્ય તરીકે સહભાગી થઈને પાછા ફરેલા કુલકર્ણીએ ભારતીય નેતૃત્વ, વાજપેયી ચીંધ્યા માર્ગે ચાલીને, પાકિસ્તાન તથા ચીન બેઉ સાથેના સંબંધોમાં સુધારો લાવવા આગળ વધે, એવો આગ્રહ સેવ્યો હતો. તેમણે ચીનની તાજી પરિષદના ભારત થકી બહિષ્કારને ભૂલભરેલું પગલું ગણાવ્યું હતું. આનાથી વિપરીત ભારત અને પાકિસ્તાન વચ્ચે સંબંધોમાં સામાન્યીકરણ સર્જાય અને એ બેઉ મળીને સ્થિતિ અને સંજોગોનો પોતાના હિતમાં ઉપયોગ કરે એવો આગ્રહ સેવ્યો હતો. તેમનું કહેવું હતું કે આ પ્રયાસોમાં ભારતને જ વધુ લાભ થવાની અપેક્ષા છે.

કાશ્મીરની વણસેલી સ્થિતિને મંત્રણાથી જ અંકુશમાં લાવીને સમાધાનભણી લઈ જઈ શકાય અને એ માટે વાજપેયીના સૂત્ર ‘ઈન્સાનિયત, જમ્હૂરિયત અને કશ્મીરિયત’ને અનુસરવાની અનિવાર્યતા કુલકર્ણી અને ઍડમિરલ રામદાસ બેઉએ વ્યક્ત કરી હતી. સંયોગ પણ કેવો કે ઍનડીટીવીના રવીશ કુમારને વર્તમાન સત્તાધીશોને પ્રતિકૂળ લાગે એવાં સત્ય પ્રકાશમાં આણવા બદલ ‘રાષ્ટ્રદ્રોહી’ અને અન્ય વિશેષણોથી સોશિયલ મીડિયામાં ભાંડવામાં આવે છે. એ જ રીતે સ્વયં ઍડમિરલ રામદાસે કહ્યું કે મને અને મારાં પત્નીને પણ ‘રાષ્ટ્રદ્રોહી’ ગણાવવામાં આવે છે. ૮૪ વર્ષના રામદાસ ૨૪ વર્ષ પહેલાં નૌકાદળના વડાના હોદ્દેથી નિવૃત્ત થયા પછી અત્યારના વડા પ્રધાન સિવાયના તમામ વડા પ્રધાનોને મળીને રાષ્ટ્રના હિતમાં સલાહસૂચન કરવા માટેનાં નિમંત્રણ મેળવી ચુક્યા છે. જોકે, એ અત્યારે મહારાષ્ટ્રના અલીબાગમાં સુખેથી રહીને બંને દેશો વચ્ચે શાંતિદૂત તરીકે કાર્યરત છે. એમને પ્રતિષ્ઠિત મેગસાયસાય ઍવોર્ડ પણ મળેલો છે.

ભારત, પાક અને બાંગલાદેશના મહાસંઘનું સ્વરૂપ કેવું હશે, એ પ્રશ્ન થવો સ્વાભાવિક છે. કુલકર્ણી એને યુરોપીયન યુનિયનના દેશોના સંગઠન જેવું ગણાવે છે. કારણ પાકિસ્તાન અને બાંગલાદેશ ભારતમાં ભળી જઈને પોતાનું અસ્તિત્વ ગુમાવવા તૈયાર ના પણ થાય. આમ પણ પાકિસ્તાનના વિચારના જનક અને ‘સારે જહાં સે અચ્છા’ના રચયિતા ડૉ. મોહમ્મદ ઈકબાલ બ્રિટિશ ઈન્ડિયામાં જ મુસ્લિમોના અલાયદા પ્રાંતના આગ્રહી હતા. ૧૯૩૦માં એમણે અલાહાબાદમાં મુસ્લિમ લીગના અધિવેશનના અધ્યક્ષ તરીકેના પ્રવચનમાં આ વિચાર રજૂ કર્યો હતો. ૧૯૩૮માં એમનું નિધન થયું હતું, છેવટે ૧૬ ઑગસ્ટ ૧૯૪૬ના ‘ડાયરેક્ટ ઍક્શન ડે’ની ઝીણાની હાકલ પછી ભારત અને પાકિસ્તાન અલગ દેશ બન્યા અને ભારે ખૂનામરકી સર્જાઈ હતી. જમ્મૂ-કાશ્મીર ભારત સાથે જોડાયા છતાં સાત દાયકાથી અડધું જમ્મુ-કાશ્મીર પાકિસ્તાન કબજા હેઠળ રહ્યું છે. કુલકર્ણીની વાતમાં ડૉ. મનમોહન સિંહ-જનરલ પરવેઝ મુશર્રફ ફૉર્મ્યુલાને વર્તમાન શાસકો મોદી અને નવાઝ શરીફ જે પણ નામ આપે, પણ એ ચાર મુદ્દાની ફૉર્મ્યુલામાં જમ્મુ-કાશ્મીર વિવાદ અને હિંસાચારનો હાલપૂરતો ઉકેલ છે. બંને દેશો પાસે જે પ્રદેશ છે એ ચાલુ રહે, પણ બંને કાશ્મીર વચ્ચે પ્રજાની અવરજવર અને વેપારવણજ ચાલુ રહે. ચીન અને વિયેટનામ, ચીન અને મ્યાનમારના અમુક વિવાદ પ્રદેશ હતા, ત્યાં આવી અવરજવર શરૂ થયાનો બંને દેશોને લાભ થયો છે. કાશ્મીરની જેમ જ બે પંજાબ, પશ્ચિમ બંગાળ-બાંગલાદેશ અને સિંધ-ગુજરાત વચ્ચે અવરજવર અને વેપાર શરૂ થાય, બંને બાજુની પ્રજામાં વિશ્વાસ બંધાય ત્યાં લગી અમુક આતંકવાદી હુમલા પણ ચાલતા રહેશે, પણ સંવાદ ચાલુ રહે તો જ સમસ્યાઓ જરૂર ઉકેલાશે. મોરારિબાપુએ પણ સંવાદથી સંવાદિતા પર ભાર મૂક્યો હતો.

### નદીમાં પડતાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

મહેંદીપુર બાલાજી મંદિરથી દર્શન કરીને પરત ફરી રહ્યા હતા. પરત ફરતી વેળા આ કાર મકેરા નદીમાં ખાબકી ગઈ હતી. આઠના મૃતદેહ મળી આવ્યા છે. બાકીના મૃતદેહોની શોધખોળ ચાલી રહી છે. કોઈની પણ ઓળખ હજુ સુધી થઈ શકી નથી. પોલીસે તપાસના આદેશ કરી દીધા છે. કાર નદીમાં ખાબકી ગયા બાદ સ્થાનિક લોકો પણ આસપાસથી દોડી આવ્યા હતા અને બચાવ અને રાહત કામગીરીમાં જોડાયા હતા.

### પ્રશ્નો વણઉકલ્યા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

મહેસુલને લગતા ૧૧, માર્ગ-મકાનને લગતા ૨૬, પાણી પુરવઠાને લગતા ૧૪ જેટલા પ્રશ્નોનો સમાવેશ થાય છે.

વિકાસને લગતા એક પણ પ્રશ્નની ચર્ચા આ ગ્રામસભા અભિયાનમાં થઈ ન હોવાનુ જાણવા મળેલ છે. મળતી વિગતો પ્રમાણે પાણી પુરવઠાના મુદ્દે કેટલાક ગામોમાં ગંભીર ચર્ચાઓ થઈ હતી. આ ઉપરાંત નાગરિક પુરવઠાને લગતા ૬ પ્રશ્નો રજુ થયા હતા અને ૬ એક પ્રશ્નો જિલ્લા માટે પડતર રહેવા પામ્યા છે. આ ગ્રામસભા અભિયાનમાં જિલ્લા કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી ઉપરાંત અન્ય અધિકારીઓ પણ જોડાયા હતા. શિક્ષણને લગતા પાંચ પ્રશ્નો રજુ થયા હતા. જેમાંથી ૨ નો સકારાત્મક ઉકેલ આવ્યો છે જ્યારે ૩ પ્રશ્નો વણઉકલ્યા રહેવા પામ્યા છે.

### ઘેરી શંકા... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જ્યાં ગાંધીનગરની એક મહિલા ઉમેદવાર આ પરીક્ષા આપવા બેઠી હતી. પરીક્ષા શરૂ થતા જ વર્ગખંડની સુપરવાઈઝરે સીલપેક પેપર બંચ તોડતા પહેલા હાજર ઉમેદવારો પૈકી બે ઉમેદવારોની સીલપેક બંચ પર સહી લીધી હતી. જેમાં ગાંધીનગરની આ યુવતી હાથમાં જે પેપર આવ્યુ હતુ તે અગાઉથી જ સીલ પેક હતુ પરંતુ યુવતીએ પેપરનુ સીલ તોડતા તેમાં પ્રશ્નો પર પહેલેથી જ ‘ગોળ સર્કલ’ કરેલા હતા. યુવતીએ આ જ બાબતે તુરંત વર્ગના સુપરવાઈઝરને જાણ કરી હતી. જેથી સુપરવાઈઝરે ગૌણસેવામાં ઉચ્ચ અધિકારીને વાત કરતા ગૌણસેવાના ડેપ્યુટી સેક્રેટરી અનિલસિંહ ગોહિલ તુરંત સ્થળ પર દોડી આવ્યા હતા અને મહિલા ઉમેદવાર પાસેથી ટીક માર્કવાળુ પેપર લઈ તેને અન્ય એક નવુ પેપર આપી દીધુ હતુ.

આ મામલે ગૌણસેવાના સેક્રેટરી પી.ડી. પલસાણા સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે ‘આ પેપર જેમાં પ્રશ્નો પર ટીકમાર્ક છે તે પેપર ફક્ત પ્રુફરીડીંગ માટેનુ હતુ એ બોલપેનથી ફક્ત પ્રશ્નો પર જ ટીક કરવામાં આવ્યુ છે. એ જોવા માટે કે પેપરમાં ૧ થી ૧૫૦ પ્રશ્નો યોગ્ય રીતે મુકવામાં આવ્યા છે અને સરખી રીતે છપાયા છે કે કેમ બસ તેજ સીલપેક પેપર ભૂલથી આ ૩૦ પેપરના બંચમાં જતુ રહ્યુ છે. આ વાત સાચી છે અને અમે તેની માટે ઈન્કવાયરી પણ કરી રહ્યા છીએ.

આ બાબતે ગૌણસેવાના ડેપ્યુટી સેક્રેટરી અનિલસિંહ ગોહિલ સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે આ પ્રુફરીડીંગ માટેનું પેપર હતુ. આ પેપર કેન્ડીડેટ માટેનુ પેપર ન હતુ. આ આઈખુ પેપર રીડર સેક્સનમાંથી ભૂલથી પ્રિન્ટીંગ સેક્સનમાં જતુ રહ્યુ છે. અને તેના પર સીલ પેક યથાવત છે. બીજુ કે મને સ્થળ પર મોકલવામાં આવ્યો હતો જેથી મે એ પેપર લાવીને સેક્રેટરી સાહેબને મોકલી આપ્યુ છે. આ બાબતે હુ વધુ કશુ જ કહી શકુ તેમ નથી. આ વધુ વિગતો માટે મંડળના ચેરમેન સાહેબને વાત કરી શકો છો તેમ જણાવ્યુ હતુ. ગૌણસેવાની પરીક્ષા વારંવાર થતા છબરડા અને શંકા પેદા કરે છે. આ બાબતે હજુ પણ મોટો પ્રશ્ન એ છે કે જો ગૌણ સેવાએ એક બ્લેન્ક પેપર આખુ પ્રુફ રીડીંગ કર્યું છે તો તેની પર સીલ પેક પાછુ સા માટે કર્યુ હતુ અને જો આ પ્રુફ રીડીંગની કોપી હતી તો આ કોપી ઉમેદવારો પાસે કઈ બેદરકારીથી પહોંચી. ગૌણ સેવા મંડળની આ પ્રકારની બેદરકારીએ ભરતી પ્રક્રિયાની પારદર્શકતા ઉપર અનેક પ્રશ્નાર્થ ઉભા થવા પામ્યા છે. જોવાનુ રહ્યુ. આ પ્રકારની ભુલ માટે ગૌણસેવા આગળ શુ કરે છે.

### ગોળીબાર... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારતીય ક્ષેત્રમાં ઘુસાડી દેવાના પ્રયાસ કરવામાં આવે છે. ઉત્તર કાશ્મીરમાં તાજેતરમાં જ ઘુસણખોરીના આઠ પ્રયાસ નિષ્ફળ કરવામાં આવ્યા છે. અગાઉ જમ્મુ કાશ્મીરના પુંછ જિલ્લામાં ભારતીય સેનાની અગ્રીમ ચોકીઓ અને નાગરિક વિસ્તારોને ટાર્ગેટ બનાવીને પાકિસ્તાની સેનાએ જોરદાર ગોળીબાર કરતા વિસ્ફોટક સ્થિતી સર્જાઈ ગઈ છે.

### પરાજિત કરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શ્રીલંકા સામે હાર થયા બાદ ભારત સેમિફાઈનલમાં પહોંચશે કે કેમ તેને લઈને કરોડો ક્રિકેટ ચાહકોમાં ચર્ચા હતી પરંતુ આજે ભારતે જોરદાર દેખાવ કરીને ધારણા પ્રમાણે જ સેમિફાઈનલમાં આગેકૂચ કરી લીધી હતી. આ મેચ એક તરફી રહી હતી.

### રેટમાં ઘટાડો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જેટલીએ કહ્યું હતું કે, સિનેમાના ૧૦૦ રૂપિયાથી ઓછી કિંમતની ટીકીટ ઉપર ૨૮ ટકાના બદલે ૧૮ ટકા ટેક્સ લાગૂ કરવાનો નિર્ણય કરાયો છે. જ્યારે આનાથી વધારે કિંમતની સિનેમા ટિકિટ ઉપર ૨૮ ટકાના ટેક્સ યથાવત રહેશે. ઉપરાંત ટેલિકોમ સેક્ટર પર ૧૮ ટકા ટેક્સને જાળવી રાખવાનો નિર્ણય કરાયો છે.

### રેટ સુધારા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

- એક્સાઈઝ બુક પર ટેક્સ રેટ ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરાયો
- કૃષિ સેક્ટરમાં રાહત આપીને ટ્રેક્ટરના સાધનો પર ટેક્સ ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરાયો ● પ્લાસ્ટિક ઈન્ડસ્ટ્રીને રાહત આપીને પ્લાસ્ટિક બીડ માટેના રેટ ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરાયા
- પ્લાસ્ટિક ટર્પોલિન પર ટેક્સ ૨૮ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરાયા
- અગરબત્તી પર જીએસટી રેટ ૧૨ ટકાથી ઘટાડી ૫ ટકા કરાયા
- કટલરીની વસ્તુઓ ઉપર ટેક્સ રેટ ૧૮ ટકાથી ઘટાડી ૧૨ ટકા કરાયા
- ટેલિકોમ સેક્ટર પર ટેક્સ ૧૮ ટકા રાખવાનો નિર્ણય ● કાજુ ઉપર ટેક્સ ૧૮ ટકાથી ઘટાડી ૧૨ ટકા